**મહેરબાન ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

ક્રિમીનલ કેસ નંબરઃ૪૧૨૮/૨૦૨૪

આંક–

| | | |
|---|---|---|
| ફરીયાદ | : | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપી | : | સાવનભાઈ રાજુભાઈ રાઠોડ |
| | | રહેઃ કીમામલી, તા.ઓલપાડ, જી.સુરત. |

**ગુનો–એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ.**

**–: ઠરાવ:–**

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટૂકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) હેઠળનો ગુનો આચરેલ હોય પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોક્ત ગુના અંગે આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ રજુ કરી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે અને ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનના લીધે તેમનાથી ગુનો થઈ ગયેલ છે તેથી ભવિષ્યમાં આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓની હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોય તે નોંધી આરોપીની કહુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેની કોર્ટે ખાત્રી કરી છે.

(૪) વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોના ભારણને ધ્યાને લેતા ટુંક સમયમાં સદર ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવ નથી. કોર્ટનો સમય

તથા ફરીયાદ પક્ષે સરકારી સાહેદોના સમય તથા સદર ટ્રાયલ પાછળ થાય તે અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે આરોપીને સજા અંગે ન્યાયીક નિર્ણય કરવામાં આવે તેના બદલે જો આરોપી હાલનો ગુનો કબુલ કરતા હોય ત્યારે તેને ગુના કબુલ સંદર્ભે રજુ કરેલ હકીકતો સાથે કોર્ટ તથા સરકારી કામગીરીમાં બચત થાય છે જે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોય તેમજ આરોપી જ્યારે સ્વૈચ્છાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજ્ય વિરૂધ્ધ નટવરચંદ્રજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કરી ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે. ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષીત ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે એમ.વી.એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના સબબ દોષીત ઠરાવી રૂા.૨,૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન-૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬

સ્થળઃઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડ્યા)
એડી.સીની.સીવીલ જજ અને
એડી.ચીફ જ્યુડી.મેજી.ઓલપાડ
કોડ નં.૦૧૨૯૦

Receipt No. ____________
Fine Rs.2500/- (Rupees : Two Thousand Five Hundred Only)
Dt. 14/03/2026

Nazir
Civil Court, Olpad.